**<u>મામલતદાર કચેરી, સિધ્ધપુર</u>**

**નં.મકમ/ગાડીકન્ડમ/ભાવપત્રક/વશી/૨૦૧૯ તા.૧૮/૦૫/૨૦૨૦**

# (જાહેર નિવિદા)

મામલતદારશ્રી સિધ્ધપુર હસ્તકની નીચે દર્શાવેલ વાહનનો નિકાલ કરવાનો હોઈ રસ ધરાવતા ઈસમો પાસેથી પોતાના ભાવો લેટરપેડમાં સીલ બંધ કવર નીચે જણાવ્યા મુજબની તારીખ સુધીમાં મોકલી આપવાના રેહેશે.

| | |
|---|---|
| ગાડીની વિગત | ટાટા સુમો (એસ.ઈ) ડીઝલ-૨૦૦૬<br>જી.જે.૨૪. જી. ૦૦૭૬ |
| ગાડીની અંદાજીત રકમ | ૮૫,૦૦૦/- |
| ડીમાન્ડ ડ્રાફટની અંદાજિત 30% રકમ | રૂ.૨૫,૫૦૦/- |
| ગાડીના ટેન્ડર મુજબના ભાવપત્રક રજુ કરવાની છેલ્લી તારીખ | તા. ૨૭/૦૫/૨૦૨૦, ૧૭:૦૦ કલાકે |
| ઈ.એમ.ડી.(EMD) | રૂ.૨૫,૫૦૦/- |
| ગાડીના ભાવપત્રક ખોલવાની તારીખ/સમય | તા. ૨૯/૦૫/૨૦૨૦, ૧૨-૦૦ કલાકે |
| તમામ કામગીરી માટેનું સરનામું | મામલતદાર કચેરી,<br>તાલુકા સેવા સદન, સિધ્ધપુર |

નોંધ :-(૧) ગાડીનું સ્થળ નિરીક્ષણ જાતે કરી લેવું.( મામલતદાર કચેરી, તાલુકા સેવા સદન, સિધ્ધપુર) ટેલી.૦૨૭૬૭-૨૨૦૦૭૧ મો.૯૯૨૪૯૭૮૧૮૯

(૨) ગાડીની અંદાજીત કિંમત ઓછામાં ઓછી રૂ.૮૫,૦૦૦/- છે. તેની ઉપરના ટેન્ડરો ભરવાના રહેશે.

સહી-

(કનકસિંહ પી.ગોહિલ)

મામલતદાર સિધ્ધપુર

મામલતદાર, સિધ્ધપુર

Scanned with CamScanner

# મામલતદાર કચેરી,સિધ્ધપુર હસ્તકના સરકારી વાહનની જાહેર હરાજી

મામલતદારશ્રી,સિધ્ધપુર હસ્તકના સરકારી વાહન GJ-24-G-0076 (ટાટા સુમો (એસ.ઈ) ડીઝલ–2006) નો નિકાલ કરવાનો હોઈ રસ ધરાવતા ઈસમો પાસેથી નિયત પત્રકમાં ભાવો સીલબંધ કરવામાં મામલતદાર કચેરી,તાલુકા સેવા સદન, એસ.જે.રોડ,સિધ્ધપુર–૩૮૪૧૫૧ ની રજીસ્ટ્રી શાખામાં તા.૨૭ /૦૫/ ૨૦૨૦ ના ૧૭.૦૦ કલાક સુધીમાં મળી જાય તે રીતે સ્પીડ પોસ્ટ/ર.બમ/રૂબરૂમાં મોકલી આપવા જણાવવામાં આવે છે. સદર વાહનની અપસેટ કિંમત રૂા.૮૫,૦૦૦/– નકકી કરવામાં આવેલ છે. હરાજીમાં રસ ધરાવનાર ઈસમોએ ભાવપત્રકો સાથે મામલતદારશ્રી, સિધ્ધપુરના નામનો સિધ્ધપુર ખાતે ચૂકવવાપાત્ર રૂા.૨૫,૫૦૦/– નો ડીમાન્ડ ડ્રાફટ સામેલ કરવાનો રહેશે.ડિમાન્ડ ડ્રાફટ વગરના ભાવપત્રક વિચારણામાં લેવામાં આવશે નહી.સીલબંધ કવર પર " વાહન હરાજીના ભાવ" એમ મોટા અક્ષરે દર્શાવવાનું રહેશે. ભાવ ભરનાર ઈસમો ઈચ્છે તો સદર વાહન કામકાજના ચાલુ દિવસે કચેરી સમય દરમ્યાન મામલતદાર કચેરી,સિધ્ધપુર ખાતે જોઈ શકશે.ભાવ મંજુર–નામંજુર કરવાની તમામ સત્તા આ કચેરીને અબાધિત રહેશે.આ કચેરી તરફથી આ માટે કરવામાં આવેલ તમામ શરતો ભાવ ભરનારને બંધનકર્તા રહેશે.ભાવ રજુ કરવાનો નિયત નમૂનો તથા હરાજી માટેની શરતો મામલતદાર કચેરી,સિધ્ધપુરના નોટીસ બોર્ડ પર તેમજ વેબસાઈટ https://patan.nic.in પર જોવા મળી શકશે. વધુ વિગતો માટે ફોન નં. ૦૨૭૬૭–૨૨૦૦૭૧ તથા મોબાઈલ નંબર ૯૯૨૪૯૭૮૧૮૯ પર સંપર્ક કરી શકશે.

સહી/–
(કનકસિંહ પી.ગોહિલ)
મામલતદાર સિધ્ધપુર

Scanned with CamScanner

# મામલતદાર કચેરી,સિધ્ધપુર હસ્તકના સરકારી વાહનની જાહેર હરાજી

## વાહન નં. GJ 24 G 0076

### ભાવો રજૂ કરવા માટેનું નિયત પત્રક

1. ભાવ રજૂ કરનાર પેઢી / ઈસમનું નામઃ
2. પેઢી / ઈસમનું પૂરૂં સરનામું:
3. મોબાઈલ નંબરઃ
4. ડીમાન્ડ ડ્રાફટની વિગતઃ નં. ................................, બેંકનું નામ: ........................, તા..................
5. રજૂ કરેલ ભાવ

   અંકોમાં ...........................................................................................................

   શબ્દોમાં ...........................................................................................................

સહી                                                    પૂરૂં નામઃ

**શરતોઃ**

1. ભાવ ભરનાર ઈસમે વાહનની અપસેટ કિંમતની ૩૦ ટકા રકમ પેટે રૂા.૨૫,૫૦૦/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પાંચસો પુરા)નો સિધ્ધપુર ખાતે ચૂકવવા પાત્ર મામલતદાર સિધ્ધપુરના નામે ડીમાન્ડ ડ્રાફટ રજૂ કરવાનો રહેશે.
2. હરાજીમાં મૂકેલ વાહનનું બાહ્ય નિરીક્ષણ કરવા ઈચ્છતા ઈસમો સદર વાહન કચેરી કામકાજના ચાલુ દિવસે કચેરી સમય દરમ્યાન મામલતદાર કચેરી,તાલુકા સેવા સદન,સિધ્ધપુર ખાતે જોઈ શકશે.
3. નિયત સમય સુધીમાં રજૂ થયેલ ભાવો હાજર ઈસમોની રૂબરૂમાં શકય હશે તો તા.૨૯/૦૫/૨૦૨૦ ના રોજ ૧૧.૩૦ કલાકે મામલતદાર કચેરી,સિધ્ધપુર ખાતે ખોલવામાં આવશે.
4. આ વાહનની જાહેર હરાજીથી બોલી બોલવામાં આવશે નહિં. જે પેઢી / ઈસમ તરફથી સૌથી ઉંચા ભાવ રજૂ થયેલ હશે તે જ ભાવો વિચારણામાં લેવામાં આવશે.
5. સૌથી ઉંચો ભાવ ભરનાર ઈસમે ઉપર મુજબ ૩૦% રકમ ડીમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે ભાવ પત્રકો સાથે મોકલેલ હશે તે જમા રાખવામાં આવશે અને બાકી રહેતી તમામ રકમ હરાજી મંજુરીની જાણ કર્યા તારીખથી ૧૫ દિવસમાં ભરપાઈ કરી વાહનનો પ્રત્યક્ષ કબજો મેળવી લેવાનો રહેશે. અન્યથા ભરેલી ૩૦% રકમ સરકાર પક્ષે જપ્ત કરી પુનઃ હરાજીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.
6. હરાજી ચાલુ રાખવી કે મુલતવી રાખવી તે અંગેના અબાધિત અધિકાર હરાજી યોજનારના રહેશે.
7. હરાજીમાં મૂકવામાં આવેલ વાહન જે સ્થિતિમાં હશે તે જ સ્થિતિમાં આપવામાં આવશે. જેથી દરેક ઈસમે આ વાહન સ્થળ ઉપર જોઈ તપાસીને ભાવ ભરેલ છે તેમ માની લેવામાં આવશે અને પાછળથી આ બાબતે કોઈ તકરાર ચાલશે નહિ.

Scanned with CamScanner

8. હરાજી નામંજુર કરવામાં આવે તો હરાજી વખતે ઉંચા ભાવ ભરનાર ઈસમે જે રકમ ભરપાઈ કરેલ હશે તે રકમ તેઓને ચેક મારફતે ચૂકવી આપવામાં આવશે. ભરેલ રકમ ઉપર વ્યાજ કે કમીશ્રન આપવામાં આવશે નહિ.

9. શરતી ભાવો સ્વીકારવામાં આવશે નહિં.

10. ભાવો ખોલ્યા બાદ કોઈ પણ ઈસમની કોઈ લેખિત કે મૌખિક રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહિં.

11. ભરેલ ભાવોમાં સૌથી ઉંચા ભાવ ઉપર વેચાણવેરો કે બીજા અન્ય ટેક્ષ ભરપાઈ કરવાના થશે તો તે જે તે ઈસમે (વાહન રાખનારે) હરાજીની કિંમત ઉપરાંત ભરપાઈ કરવાના રહેશે. જે ભરપાઈ કર્યા બદલની પહોંચ રજુ કરેથી વાહનનો કબજો સોંપવામાં આવશે.

12. જાહેર હરાજીમાં વાહન રાખનાર ઈસમે નામ તબદીલ વગેરે બાબતની તમામ કાર્યવાહી સ્વખર્ચે કરાવી લેવાની રહેશે.

ઉપર મુજબની શરતો જે મે વાંચી છે જે મને બંધનકર્તા છે.

ભાવ રજૂ કરનારની સહી:

Scanned with CamScanner